જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૩/૨૦૧૯ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૩૯૫/૧૯

## કિ.રૂ.૫,૮૪,૦૦૦/- ના ભારતીય બનાવટનો વિદેશી દારૂના જથ્થા સાથે બે ગુના શોધી આરોપીની ધરપકડ કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

## ગણનાપાત્ર

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડિવીઝન નાઓએ માનનીય વડાપ્રધાનશ્રી નાઓ અમદાવાદ શહેર ખાતે મેટ્રો ટ્રેનના ઉધ્ધાટન કરવા પધારનાર હોય જે અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગારની બદી નેસ્ત-નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અમોએ સર્વે. સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને આવી પ્રવુતી કરતા ઇસમોની વિરુધ્ધ કાર્યવાહી કરવા સુચના કરેલ જે અનુસંધાને સર્વે સ્કોડના પોસઇશ્રી વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન

કલાક ૦૧/૩૦ વાગ્યે પાંજરાપોળ ચાર રસ્તા ખાતે આવતા સાથેના પો.કો મહેન્દ્રસિંહ જોરૂભા તથા પો.કો સહદેવસિંહ મહેન્દ્રસિંહ નાઓએ ખાનગી બાતમી હકીકત આપેલ કે એક મહીન્દ્રા બોલેરો મેક્ષી ટ્રક નં.જીજે.૨૭.વી.૦૦૭૦ નો ચાલક પોતાના કબજાની ગાડીમા કેટલોક ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો રાખી ઓઢવ રીંગરોડ તરફથી આવી અત્રે થઈ હાથીજણ તરફ જનાર છે જે બાતમી હકીકત આધારે આરોપી:- શ્રીધર સ/ઓ રવીન્દ્ર લક્ષ્મણભાઈ સાવંત ઉવ:૨૮ રહે:બી/૬૦૧ અત્રીક રેસીડેન્સી ઓઢવ રીંગરોડ અમદાવાદ શહેર મુળવતન ગામ:સાતારા તા:પાટણ જી:સાતારા મહારાષ્ટ્ર નાઓના કબ્જા ભોગવટાવાળી ગાડી માંથી (૧) અલગ અલગ કંપનીની ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલ નંગ:૧૬૮ કીમત રૂપીયા ૮૪૦૦૦/- તથા (૨) મહીન્દ્રા બોલેરો મેક્ષી ટ્રક નં.જીજે.૨૭.વી.૦૦૭૦ કીમત રૂપીયા ૨૦૦.૦૦૦/- મળી કુલ્લે રૂપીયા ૨.૮૪.૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ.

તથા કલાક ૦૩/૩૦ વાગ્યે રબારી કોલોની ચાર રસ્તા ખાતે આવતા સાથેના પો.કો સતીષભાઈ બાબુભાઈ તથા પો.કો ચીરાગભાઈ ભુપતભાઈ નાઓએ સંયુક્ત બાતમી હકીકત આપેલ કે મારૂતીધામ સોસાયટી રાજેન્દ્રપાર્ક ઓઢવ ખાતે રહેતો વીજય ઓમપ્રકાશ ચૌહાણ નામનો માણસ પોતાના કબજાની સ્કોરપીયો ગાડી નં.જીજે.૧૦.એસી.૯૨૦૯ માં કેટલોક ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો રાખી વસ્ત્રાલ તરફથી આવી અત્રે થઈ સીટીએમ તરફ જનાર છે.જે બાતમી આધારે ગાડીની વોચ કરી ગાડીને ઉભી રહેવા ઇશારો કરતા ચાલકે ગાડી ઉભી રાખેલ નહી અને સીટીએમ ચાર રસ્તા તરફ રનીંગ કરેલ જે ગાડીનો પીછો કરતા ગાડીનો ચાલક ખોખરા ભવાની ચોક મયુર એપાર્ટમેન્ટ પાસે લાવી ગાડી સાઈડમા કરી ભાગી ગયેલ જેઓની ગાડીમાંથી (૧) અલગ અલગ કંપનીની ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલ નંગ:૩૦૦ કીમત રૂપીયા ૧૫૦૦૦૦/- તથા (૨) મહીન્દ્રા સ્કોરપીયો ગાડી નં. જીજે.૧૦. એ.સી.૯૨૦૯ કીમત રૂપીયા ૧૫૦,૦૦૦/- મળી કુલ્લે રૂપીયા ૩.૦૦.૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી પકડવા સારૂ પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓએ વધુ તપાસ હાથ ધરેલ છે.

આમ બે પ્રોહિબીશનના ગણનાપાત્ર કેશો શોધી રુપિયા ૨.૩૪.૦૦૦/- ના ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો તથા બે ગાડીની કિ.રૂ. ૩.૦૦.૦૦૦/-મળી કુલ્લે રુપિયા ૫.૮૪.૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.